# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ(ટેકનીકલ)

એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમો ચલાવતી સરકારી અનુદાનિત સંસ્થાઓ (GIA) ખાતે ખાલી રહેલી બેઠકો પર OFFLINE પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭)

પ્રથમ વર્ષ ૨૦૨૬ માં ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમની તા. ૦૯/૦૮/૨૦૨૬ ના રોજ ઓનલાઈન ત્રીજા રાઉન્ડ ની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચુકવણી) નિયમ મુજબ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચાલયના તાબા હેઠળની ડિગ્રી આર્કિટેક્ચર અભ્યાસક્રમ ચલાવતી રાજ્યની સરકારી અનુદાનિત (GIA) સંસ્થાઓ (નીચે દર્શાવેલ) ખાતે રાઉન્ડ-૩ ની પ્રવેશ **કાર્યવાહી બાદ ખાલી રહેલી બેઠકો માટે ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ છે.**

જેમાં પ્રથમ વર્ષ ડિગ્રી આર્કિટેક્ચર પ્રવેશ વર્ષ-૨૦૨૬ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો તથા B. Arch અભ્યાસક્રમની પાત્રતા ધરાવતા ઉમેદવારો (**જેમણે ACPC ની ઓનલાઈન B. Arch પ્રવેશ પ્રક્રિયામાં રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય**) ભાગ લઇ શકશે. આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નીચે આપેલ લિંક પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરીને **તા. ૧૩.૦૮.૨૦૨૬ થી ૨૧.૦૮.૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ કલાક)** સુધીમાં **ફરજિયાત રજીસ્ટ્રેશન** કરાવવાનું રહેશે.

**ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ રજીસ્ટ્રેશન ફોર્મ લિંક: https://forms.gle/9YDhRpejYU7Ahhnc6**

નવા રજીસ્ટર થયેલ ઉમેદવારોએ કાઉન્સેલિંગના દિવસે રૂ. ૩૫૦/- (નોન-રિફંડેબલ) રજીસ્ટ્રેશન ફી રોકડમાં ભરવાની રહેશે. **આ ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ માટે ઉપર આપેલ લિંક મારફત રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય ભાગ લેવાનો અન્ય કોઈ માર્ગ નથી.** ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ માટે મેરિટ યાદી તા. ૨૨.૦૮.૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ કલાકે) સમિતિની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. ઉમેદવારોએ કાઉન્સેલિંગ સમયે મૂળ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે તથા ચકાસણી બાદ પાત્ર ઉમેદવારોને પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ મળ્યેથી કાઉન્સેલિંગ દરમિયાન રૂ. ૧૫૦૦/- ટોકન ટ્યુશન ફી રોકડમાં ભરવાની રહેશે (કન્યા ઉમેદવાર માટે ટ્યુશન ફી ૦(શૂન્ય) છે). પ્રવેશ ફાળવ્યા બાદ તા. ૨૭.૦૮.૨૦૨૬ સુધીમાં સંબંધિત સંસ્થામાં રિપોર્ટ કરવું ફરજિયાત છે, અન્યથા પ્રવેશ પર દાવો રહેશે નહીં.

**ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ માં પ્રવેશ મળ્યેથી ઉમેદવારે પોતાની અગાઉની ઓનલાઈન રાઉન્ડની પ્રવેશ સંસ્થા કક્ષાએ પોતે રદ કરાવવાની રહેશે તથા ટોકન ફી રિફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.**

## Offline Counselling Round Admission Schedule for Vacant Seats (GIA Institutes):

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | Display on website details related to vacant seats and other related information. | 10.08.2026 |
| 2 | Registration for Offline Counselling Round (for GIA Institutes)<br>Registration link: https://forms.gle/9YDhRpejYU7Ahhnc6 | 13.08.2026 to 21.08.2026 (05:00 PM) |
| 3 | Declaration of Merit List for Offline Counselling Round (for GIA Institutes) on ACPC website: https://acpc.gujarat.gov.in/b-arch-courses | 22.08.2026 (05:00 PM) |
| 4 | Offline Counseling at<br>**Admission Committee for Professional Courses (ACPC), L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad-380015** | 25.08.2026 |

## Details of B.Arch. Vacant seats in Grant-In-Aid institutes after completion of online admission process - 2026-27

| Inst Code | Name of College | Type of Inst. | Vacant Seats |
|---|---|---|---|
| GJ01 | Department of Architecture, Faculty of technology & Engineering, The M.S. University of Baroda | GIA | 2 |
| GJ08 | Institute of Architecture, Hemchandracharya North Gujarat University | GIA | 18 |

**નોંધ**: ઉપરોક્ત લિંક મારફત નિયત સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન ન કરાવેલ ઉમેદવારો તા. ૨૫.૦૮.૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે સ્પોટ રજીસ્ટ્રેશન કરી શકશે.

વધુ માહિતી માટે ઉમેદવારો તથા વાલીઓને સમિતિ ની વેબસાઈટ **https://acpc.gujarat.gov.in/** અને **https://gujacpc.admissions.nic.in/** જોવા જણાવવામાં આવે છે.

તા. **10.08.2026**

**-મેમ્બર સેક્રેટરી**

**Help Line Number: 079-26566000**